પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૭૨ | ૨૨ મે, ૨૦૧૮, મંગળવાર ; અ. જેઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**બ્રાહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનુ સફળ પરીક્ષણ**

ઓરિસ્સાના ચાંદીપુરમાં બ્રાહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. આ પરીક્ષણનો ઉદ્દેશ્ય મિસાઈલની કાર્યઅવધિ ૧૦થી ૧૫ વર્ષ વધારવી છે.

**નિફા વાયરસથી કેરળમાં ત્રણના મોત**

કેરળના કોઝકોડ જિલ્લામાં નિફા વાયરસના કારણે ત્રણ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા હતા. કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી જે.પી,. નડ્ડાએ એક ટીમ કેરળ મોકલવાની તૈયારી કરી છે.

**ઉજાલા યોજના હેઠળ ૩૦ કરોડ બલ્બ વિતરીત**

સાર્વજનિક ક્ષેત્રની એનર્જી એફિસિઅન્સી સર્વિસેસ દ્વારા ઉજાલા યોજના હેઠળ સમગ્ર દેશમાં ૩૦ કરોડથી વધુ એલઈડી બલ્બનું વિતરણ કરાયુ છે.

**સેરેના વિલિયમ્સનું ગ્રાન્ડ સ્લેમમાં પુનરાગમન**

બાળકના જન્મ બાદ જાણીતી ટેનિસ ખેલાડી સેરેના વિલિયન્સ ફેન્સ ઓપન દ્વારા ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટમાં પુનરાગમન કરશે.

**જસ્ટીસ લોયા મામલો ફરી સુપ્રિમમાં**

જસ્ટીસ લોયા મામલે બોમ્બે લોયર્સ એસોસીએશને સુપ્રિમ કોર્ટમાં પુર્નવિચાર અરજી દાખલ કરી છે. સુપ્રિમ કોર્ટે લોયા કેસની સીટ દ્વારા તપાસની માંગણીને ફગાવી હતી.

# બિટકોઈન કાંડ ૧૦૦૦ કરોડનું છે : સીઆઈડી

**બિટકોઇન કૌભાંડમાં નવો વળાંક : ફરિયાદી શૈલેષ ભટ્ટ જ મુખ્ય સૂત્રધાર હોવાનો દાવો : શૈલેષ ભટ્ટ અને તેના સાગરિતોએ ધવલનું અપહરણ કરી ૧૫૧ કરોડના બિટકોઇન પડાવ્યા**

અમદાવાદ,તા. ૨૧ ગુજરાતભરમાં ખળભળાટ મચાવનારા બિટકોઈન કેસમાં ચોંકાવનારો અને નાટયાત્મ વળાંક આવ્યો છે. આ સમગ્ર બિટકોઈન કૌભાંડના મૂળ ફરિયાદી એવા કહેવાતા બિલ્ડર શૈલેષ ભટ્ટ જ મુખ્ય સૂત્રધાર તરીકે સીઆઈડી ક્રાઈમની તપાસમાં ખુલતાં તપાસનીશ એજન્સીએ શૈલેષ ભટ્ટ સહિતના ૧૦ આરોપીઓ સામે ખંડણી, અપહરણ સહિતના ગંભીર ગુનાની નવી ફરિયાદ

● અનુસંધાન પાન-૭ પર

## જનાદેશ ભાજપની તરફેણમાં હતો : અમિત શાહ

**જનાદેશ કોંગી અને જેડીએસની વિરૂદ્ધમાં અને ભાજપની તરફેણમાં હતો એટલે સરકાર રચવા દાવો કરાયો હતો : શાહ**

નવી દિલ્હી, તા.૨૧ ભાજપ અધ્યક્ષ અમિત શાહે કર્ણાટકમાં પોતાની પાર્ટીની સરકાર બનવામાં નિષ્ફળ પ્રયાસ થયા પછી આજે પ્રથમ વખત પોતાની પ્રતિક્રિયા આપી હતી. પોતાની પાર્ટીની સરકાર બનાવવાના નિષ્ફળ પ્રયાસનો અમિત શાહે બચાવ પણ કર્યો હતો. અમિત શાહે કહ્યું હતું કે કોંગ્રેસ અને જેડીએસના ગઠબંધનને કોઈપણ પ્રકારનું સમર્થન લોકો તરફથી મળ્યું નથી. આ ગઠબંધન અપવિત્ર ગઠબંધન તરીકે છે. તેમણે ઉમેર્યું હતું કે સૌથી મોટી પાર્ટી તરીકે સરકાર બનાવવાનો દાવો કરવાની બાબત બિલકુલ યોગ્ય હતી. ભાજપ ઉપર સરકાર બનાવવા માટે હોર્સ ટ્રેડિંગની મદદ લેવાના પ્રયાસોના આક્ષેપો પર વાત કરતા શાહે કહ્યું હતું કે કોંગ્રેસે સમગ્ર અસ્તબલની ખરીદી કરી લીધી હતી. કોંગ્રેસ પર સુપ્રિમ કોર્ટમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસ-જેડીએસ વધારે સાવધાન રહીને કામ કરશે

**બંને પક્ષો દ્વારા પોતાના ધારાસભ્યો-અપક્ષ ધારાસભ્યોને હોટલમાં કેદ કરાયા : ધારાસભ્ય હાલ ઘરે નહીં જઈ શકે**

બેંગલોર, તા.૨૧ કર્ણાટકમાં બહુમતી પુરવાર કરવાથી પહેલા કોંગ્રેસ-જેડીએસ ગઠબંધન ખૂબ જ સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યું છે. બીએસ યેદીયુરપ્પાના નેતૃત્વમાં ભાજપની સરકાર ગબડી ગયા બાદ રાજ્યપાલ એચડી કુમારસ્વામીને સરકાર રચવા માટે આમંત્રણ આપ્યું છે. હવે કોંગ્રેસ અને જેડીએસ બંને બહુમતી પુરવાર કરવા સુધી પોતાના ધારાસભ્યો પર ચાંપતી નજર રાખી રહ્યા છે. બંને પક્ષોએ પોત પોતાના ધારાસભ્યો અને અપક્ષ ધારાસભ્યોને હોટલોમાં નજરબંધ રાખ્યા છે. તેમના ઉપર ઘર સુધી નજર રાખવામાં આવી રહી છે. પોતાના ઘરે જવાની પણ મંજુરી આપવામાં આવી રહી નથી. બુધવારના દિવસે મુખ્યમંત્રી તરીકે કુમારસ્વામી શપથ લેનાર છે. કુમારસ્વામીએ જીતનો દાવો કર્યો છે પરંતુ બહુમતી પુરવાર કરતા

● અનુસંધાન પાન-૭ પર

**ફ્લેટ ભાડે આપવાનો છે**

2 BHK ફુલ્લી ફર્નિશ્ડ

સૌંદર્ય-૪૪૪

Bank / Co. Family/બેચલરને

The Space 93287 01440, 93288 01440







